છગનલાલ મોતીરામ શાહ કૃત

—: ત્રીજા ધોરણ માટે :—

# "મુખગણિત શિક્ષક"

## ભાગ ૪.

ત્રીજા ધોરણનો
ડિકટેશન શિક્ષક
ત્રણ આના.

સર્વ હક સ્વાધીન
કિંમત ૦-૨-૬
પોસ્ટેજ જુદું
સને ૧૯૨૬.

સુરત જિલ્લાનો
ભૂગોળશિક્ષક
" ત્રણ આના.



છગનલાલ મોતીરામ શાહ
"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા—શાહપોર—સુરત.

ગુજરાતની સામાન્ય ભૂગોળની પ્રશ્નોત્તરમાળા ત્રણ આના.

ગુજરાત [illegible] ગ્રંથાલય
૩૧૮
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
[ ગુજરાતી કૉપીરાઈટ વિભાગ ]
અનુક્રમાંક ૧૨૭૧૦ વર્ગાંક
પુસ્તકનું નામ
વિષય

No. 131 Received on 5-3 26

દેશી રાજ્યોમાં ટેક્સ્ટ બુકસ, ઇનામ લાયબ્રેરી
માટે મંજુર થએલો અને કેળવણી ખાતાના
અધિકારીઓ ઉત્તમ સર્ટિફિકેટ પામેલો

# ત્રીજા ધોરણનો

# મુખગણિત શિક્ષક ભાગ ૪.

રચનાર—છગનલાલ મોતીરામ શાહ.
રચનારનું ઠેકાણું—શાહપોર-સુરત.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર-સુરત.

રચનારે સર્વ હક સ્વાધીન રાખ્યો છે.

છાપનાર—ગોવિંદજી ડાહ્યાભાઇ નાયક.
છાપવાનું ઠેકાણું—શ્રી "અનાવિલ બંધુ" પ્રીન્ટીંગ પ્રેસ,
બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળ-સુરત.
નવી સુધરેલી વધારેલી આવૃત્તિ ૩.

સંવત ૧૯૮૨] [સને ૧૯૨૬
કિંમત રૂ. ૦-૨-૬ પોસ્ટેજ જુદું.

# "ડિકટેશન શિક્ષક" માટે અભિપ્રાય.

રા. સા. ગણપતરામ અનુપરામ ત્રવાડી.
રાજકોટ મેલ ટ્રેનિંગ કોલેજના માજિ પ્રિન્સપાલ સાહેબ.
તા. ૨૮-૬-૧૯૧૭ ના પત્રમાં લખે છે કેઃ--

" "સલામ તમારા તરફથી અવલોકનાર્થે "ડિકટેશન શિક્ષક" ભાગ ૧. ૨. નામનાં બે નાના પણ ઉપયોગી પુસ્તકો મળ્યાં. તે જોતાં જણાય છે કે તમારો આ શ્રમ બાળકો, શિક્ષકો, અને કેટલેક દરજ્જે લેખકોને પણ અત્યંત ઉપયોગી થઇ પડશે. આ પુસ્તકોનો ઉપયોગ કરવાથી બાળકોને ઘણી ઓછી મહેનતે જોડણીનું સારૂં અને ચોકસ જ્ઞાન થશે. તમોએ વાચનમાળામાંથી ઘણાખરા મુશ્કેલીવાળા શબ્દો તારવ્યા છે, અને તેને વિવિધ રીતે ગોઠવી શિખનાર શિખવનાર ઉભયને સરળતા કરી આપી છે.

વળી સારા કાગળ મોટા ટાઇપ અને શબ્દોના છુટાપણાને લીધે એ પુસ્તકો આંખને આકર્ષક થાય તેવાં છે.

એકંદરે મારા ધારવા પ્રમાણે તમારા પુસ્તકો શ્રુતલેખનના શિક્ષણમાં મદદગાર થઇ પડશે, તેથી કેળવણીની દ્રષ્ટિએ જોતાં તેને ટેક્સ્ટ બુક તરીકે સ્વીકારી શકાય તેવાં છે, એજ "

# 'સુરત જિલ્લાનો ભૂગોળ શિક્ષક' અભિપ્રાય.

"ત્રીજા ધોરણનાં છોકરાને જોઇએ તે ઉપર નજર રાખીને આ નાના પુસ્તકમાં હકીકત સારી ભેગી કરી છે, અને તેમને અનુકૂળ થાય એવી સરળ ભાષામાં વર્ણન કર્યું છે."

વડોદરા તા. ૮-૭-૧૯૨૫ હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા.

મહેરબાન કાઠિઆવાડના એજન્ટ ટુ ધ ગવર્નર
સાહેબ બહાદુર હુકમ નં. ૪૧૭૧ તા. ૨૬-૭-૧૫થી

—: સુરત જિલ્લાનો :—

# "ભૂગોળ શિક્ષક."

એજન્સિની સર્વ સ્કૂલોમાં લાયબ્રેરી માટે મંજુર કર્યો છે.

---

ગુજરાતની સામાન્ય ભૂગોળની પ્રશ્નોત્તરમાળા વિષે

## શ્રીયુત ભાઈચંદ પુંજાદાસ શાહ.

મહીકાંઠા એજન્સિની ભૂગોળ વગેરેના કર્તા.

સાદરા તાલુકા સ્કુલના હેડ માસ્તર સાહેબ.

પોતાના તા૦ ૧૫-૭-૧૫ ના પત્રમાં લખે છે કે:— "ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને ગુજરાતની ભૂગોળ શીખવા તથા શીખવવા માટે શિષ્ય શિક્ષક બંનેને આ પુસ્તક સાધન રૂપ છે, અને તે બંનેને ઉપયોગી છે, શિક્ષકને નોંધ કાઢવાની મહેનત બચે છે, અને વિદ્યાર્થીને શિક્ષકની મદદ વિના ભૂગોળનું જ્ઞાન મળી શકે તેમ છે. એકંદરે આપનો પ્રયાસ જનસમુહને ઘણો આદરણીય અને ઉપયોગી થઈ પડવાનો છે." કિંમત ત્રણ આના. પોસ્ટેજ જુદું.

છગનલાલ મોતીરામ શાહ કૃત.

## ત્રીજા ધોરણનો "મુખગણિત શિક્ષક" ભાગ ૪.

| વિવિધ અપૂર્ણાંક લખવાની રીત | આણુપાણુનાઅપૂર્ણાંક લખવાની રીત. | આણુપાણુનાઅપૂર્ણાંક બોલવાની રીત. |
|---|---|---|
| રૂ. ૦–૦–૩ | રૂ. ૦)૦। | પા આનો |
| રૂ. ૦–૦–૬ | રૂ. ૦)૦॥ | અડધો આનો |
| રૂ. ૦–૦–૯ | રૂ. ૦)૦॥। | પોણો આનો |
| રૂ. ૦–૧–૦ | રૂ. ૦)− | એક આનો |
| રૂ. ૦–૧–૩ | રૂ. ૦)−। | સવા આનો |
| રૂ. ૦–૧–૬ | રૂ. ૦)−॥ | દોઢ આનો |
| રૂ. ૦–૧–૯ | રૂ. ૦)−॥। | પોણાબે આના |
| રૂ. ૦–૨–૦ | રૂ. ૦)= | બે આના |
| રૂ. ૦–૨–૩ | રૂ. ૦)=। | સવાબે આના |
| રૂ. ૦–૨–૬ | રૂ. ૦)=॥ | અઢી આના |
| રૂ. ૦–૨–૯ | રૂ. ૦)=॥। | પોણાત્રણ આના |
| રૂ. ૦–૩–૦ | રૂ. ૦)≡ | ત્રણ આના |
| રૂ. ૦–૩–૩ | રૂ. ૦)≡। | સવાત્રણ આના |
| રૂ. ૦–૩–૬ | રૂ. ૦)≡॥ | સાડાત્રણ આના |
| રૂ. ૦–૩–૯ | રૂ. ૦)≡॥। | પોણાચાર આના |
| રૂ. ૦–૪–૦ | રૂ. ૦। | પા રૂપીઓ |
| રૂ. ૦–૪–૩ | રૂ. ૦।૦। | પા રૂપીઓ પા આનો |

## આનાના આંક.

| | | |
|---|---|---|
| ૧ – રૂ. ૦)– | ૧૧ – રૂ. ૦॥≡ | ૨૧ – રૂ. ૧।– |
| ૨ – રૂ. ૦)= | ૧૨ – રૂ. ૦॥। | ૨૨ – રૂ. ૧।= |
| ૩ – રૂ. ૦)≡ | ૧૩ – રૂ. ૦॥।– | ૨૩ – રૂ. ૧।≡ |
| ૪ – રૂ. ૦। | ૧૪ – રૂ. ૦॥।= | ૨૪ – રૂ. ૧॥ |
| ૫ – રૂ. ૦।– | ૧૫ – રૂ. ૦॥।≡ | ૨૫ – રૂ. ૧॥– |
| ૬ – રૂ. ૦।= | ૧૬ – રૂ. ૧) | ૨૬ – રૂ. ૧॥= |
| ૭ – રૂ. ૦।≡ | ૧૭ – રૂ. ૧)– | ૨૭ – રૂ. ૧॥≡ |
| ૮ – રૂ. ૦॥ | ૧૮ – રૂ. ૧)= | ૨૮ – રૂ. ૧॥। |
| ૯ – રૂ. ૦।– | ૧૯ – રૂ. ૧)≡ | ૨૯ – રૂ. ૧॥।– |
| ૧૦ – રૂ. ૦॥= | ૨૦ – રૂ. ૧। | ૩૦ – રૂ. ૧॥।= |
| ૩૧ – રૂ. ૧॥।≡ | ૪૧ – રૂ. ૨॥– | ૫૧ – રૂ. ૩)≡ |
| ૩૨ – રૂ. ૨) | ૪૨ – રૂ. ૨॥= | ૫૨ – રૂ. ૩। |
| ૩૩ – રૂ. ૨)– | ૪૩ – રૂ. ૨॥≡ | ૫૩ – રૂ. ૩।– |
| ૩૪ – રૂ. ૨)= | ૪૪ – રૂ. ૨॥। | ૫૪ – રૂ. ૩।= |
| ૩૫ – રૂ. ૨)≡ | ૪૫ – રૂ. ૨॥।– | ૫૫ – રૂ. ૩।≡ |
| ૩૬ – રૂ. ૨। | ૪૬ – રૂ. ૨॥।= | ૫૬ – રૂ. ૩॥ |
| ૩૭ – રૂ. ૨।– | ૪૭ – રૂ. ૨॥।≡ | ૫૭ – રૂ. ૩॥– |
| ૩૮ – રૂ. ૨।= | ૪૮ – રૂ. ૩) | ૫૮ – રૂ. ૩॥= |
| ૩૯ – રૂ. ૨।≡ | ૪૯ – રૂ. ૩)– | ૫૯ – રૂ. ૩॥≡ |
| ૪૦ – રૂ. ૨॥ | ૫૦ – રૂ. ૩)= | ૬૦ – રૂ. ૩॥। |

## આનાના આંક.

| | | |
|---|---|---|
| ૬૧ – રૂ. ૩।।।⌐ | ૭૧ – રૂ. ૪।≡ | ૮૧ – રૂ. ૫)⌐ |
| ૬૨ – રૂ. ૩।।।= | ૭૨ – રૂ. ૪।। | ૮૨ – રૂ. ૫)= |
| ૬૩ – રૂ. ૩।।।≡ | ૭૩ – રૂ. ૪।।⌐ | ૮૩ – રૂ. ૫)≡ |
| ૬૪ – રૂ. ૪) | ૭૪ – રૂ. ૪।।= | ૮૪ – રૂ. ૫। |
| ૬૫ – રૂ. ૪)⌐ | ૭૫ – રૂ. ૪।।≡ | ૮૫ – રૂ. ૫।⌐ |
| ૬૬ – રૂ. ૪)= | ૭૬ – રૂ. ૪।।। | ૮૬ – રૂ. ૫।= |
| ૬૭ – રૂ. ૪)≡ | ૭૭ – રૂ. ૪।।।⌐ | ૮૭ – રૂ. ૫।≡ |
| ૬૮ – રૂ. ૪। | ૭૮ – રૂ. ૪।।।= | ૮૮ – રૂ. ૫।। |
| ૬૯ – રૂ. ૪।⌐ | ૭૯ – રૂ. ૪।।।≡ | ૮૯ – રૂ. ૫।।⌐ |
| ૭૦ – રૂ. ૪।= | ૮૦ – રૂ. ૫) | ૯૦ – રૂ. ૫।।= |
| ૯૧ – રૂ. ૫।।≡ | ૧૦૦ – રૂ. ૬। | ૧૦ – રૂ. ૦।।= |
| ૯૨ – રૂ. ૫।।। | ૨૦૦ – રૂ. ૧૨।। | ૨૦ – રૂ. ૧। |
| ૯૩ – રૂ. ૫।।।⌐ | ૩૦૦ – રૂ. ૧૮।।। | ૩૦ – રૂ. ૧।।।= |
| ૯૪ – રૂ. ૫।।।= | ૪૦૦ – રૂ. ૨૫) | ૪૦ – રૂ. ૨।। |
| ૯૫ – રૂ. ૫।।।≡ | ૫૦૦ – રૂ. ૩૧। | ૫૦ – રૂ. ૩)= |
| ૯૬ – રૂ. ૬) | ૬૦૦ – રૂ. ૩૭।। | ૬૦ – રૂ. ૩।।। |
| ૯૭ – રૂ. ૬)⌐ | ૭૦૦ – રૂ ૪૩।।। | ૭૦ – રૂ. ૪।= |
| ૯૮ – રૂ. ૬)= | ૮૦૦ – રૂ. ૫૦) | ૮૦ – રૂ. ૫) |
| ૯૯ – રૂ. ૬)≡ | ૯૦૦ – રૂ. ૫૬। | ૯૦ – રૂ. ૫।।= |
| ૧૦૦ – રૂ. ૬। | ૧૦૦૦ – રૂ. ૬૨।। | ૧૦૦ – રૂ. ૬। |

## આનાની ધાત.

| આનાની ધાત. | | |
|---|---|---|
| ૪ – રૂ. ૦। | ૮૦ – રૂ. ૫) | ૧૬ – રૂ. ૧) |
| ૮ – રૂ. ૦॥ | ૮૪ – રૂ. ૫। | ૩૨ – રૂ. ૨) |
| ૧૨ – રૂ. ૦।॥ | ૮૮ – રૂ. ૫॥ | ૪૮ – રૂ ૩) |
| ૧૬ – રૂ. ૧) | ૯૨ – રૂ. ૫।॥ | ૬૪ – રૂ. ૪) |
| ૨૦ – રૂ ૧। | ૯૬ – રૂ. ૬) | ૮૦ – રૂ. ૫) |
| ૨૪ – રૂ. ૧॥ | ૧૦૦ – રૂ. ૬। | ૯૬ – રૂ. ૬) |
| ૨૮ – રૂ. ૧।॥ | ૪૦૦ – રૂ. ૨૫ | ૧૧૨ – રૂ. ૭) |
| ૩૨ – રૂ. ૨) | ૮૦૦ – રૂ. ૫૦ | ૧૨૮ – રૂ. ૮) |
| ૩૬ – રૂ. ૨। | —: ત્રીજી ચોપડીનો :— | ૧૪૪ – રૂ. ૯) |
| ૪૦ – રૂ. ૨॥ | “ડિકટેશન શિક્ષક” ૩ આના. | ૧૬૦ – રૂ. ૧૦) |
| ૪૪ – રૂ. ૨।॥ | છગનલાલ મોતીરામ શાહ. | ૧૭૬ – રૂ. ૧૧) |
| ૪૮ – રૂ. ૩) | શાહપોર—સુરત. | ૧૯૨ – રૂ. ૧૨) |
| ૫૨ – રૂ ૩। | | ૨૦૮ – રૂ. ૧૩) |
| ૫૬ – રૂ. ૩॥ | | ૨૨૪ – રૂ. ૧૪) |
| ૬૦ – રૂ. ૩।॥ | | ૨૪૦ – રૂ. ૧૫) |
| ૬૪ – રૂ. ૪) | | ૨૫૬ – રૂ. ૧૬) |
| ૬૮ – રૂ. ૪। | | ૨૭૨ – રૂ ૧૭) |
| ૭૨ – રૂ. ૪॥ | | ૨૮૮ – રૂ. ૧૮) |
| ૭૬ – રૂ. ૪।॥ | | ૩૦૪ – રૂ ૧૯) |
| | | ૩૨૦ – રૂ. ૨૦) |

## પ્રકરણ ૧. મનોયત્ન ૧. આંકનો ઉપયોગ.

૧) ૫ એટલે કેટલા દશક? ૨॥ કેટલા દશક? ૭॥ એટલે કેટલા દશક?
૨) ૧૨॥; ૧૫; ૧૭॥; ૭૫; ૨૨॥ ના દશક કેટલા?
૩) ૫૦ એટલે કેટલા સો? ૨૫ એટલે કેટલા સો? ૭૫ એટલે કેટલા સો?
૪) ૧૨૫; ૧૫૦; ૧૭૫; ૨૫૦; ૩૨૫; ૩૭૫ એટલે કેટલા સો?
૫) ૦॥ દશક; ૦। દશક; ૦॥। દશકના એકમ કેટલા?
૬) ૦॥ સો; ૦। સો; ૦॥। સો; ૧। સો; ૧॥ સો; ૨॥ સો; ૩। સો; ૭॥ સો; ૮॥ સો એટલે કેટલા?
૭) ૧૬×૦।; ૩૨×૦॥; ૪૮×૦॥।; ૫૮×૧। કેટલા?
૮) ૧૬×૨।; ૩૨×૫, ૪૮×૭॥; ૫૨×૧૨॥ એટલે કેટલા દશક?
૯) ૮×૦।, ૧૫×૦॥, ૩૫×૦॥। ૪૩×૧।; ૫૪×૧॥; ૬૭×૨॥?
૧૦) ૮×૨૫; ૧૫×૫૦; ૩૫×૭૫; ૪૩×૧૨૫; ૫૪×૧૫૦; ૬૭×૨૫૦ એટલે કેટલા સો?
૧૧) ૨૫×૨૭; ૫૦×૧૩; ૧૨૫×૧૩; ૨૫૦×૬૩; ૧૫૦×૩૭; ૭૫×૩૬; એટલે કેટલા સો?
૧૨) ૫૦+૨૫; ૭૫+૫૦; ૧૨૫+૭૫ ૧૫૦+૧૨૫; ૧૭૫+૫૦; ૨૨૫—૧૫૦; ૮૭૫-૧૨૫; ૭૫૦—૨૫૦; ૧૨૫૦—૨૫૦; ૧૨૫૦—૧૨૫; ૮૭૫-૧૨૫; ૭૫૦-૨૫૦; ૩૭૫૦—૭૫૦; ૨૨૫૦—૧૧૨૫ એટલે કેટલા?
૧૩) ૧૦૦૦÷૧૨૫; ૧૫૦૦÷૧૫૦; ૨૨૫૦÷૭૫; ૭૫૦÷૫૦; ૨૫૦૦÷૨૫ એટલે કેટલા?

# પ્રકરણ ૨. કોષ્ટકો.

## અર્થદર્શક પરિમાણો.

### (૧) ચલણી નાણાનું કોષ્ટક.

| | | | |
|---|---|---|---|
| ૧॥ | પાઇ | =૧ | અધેલો |
| ૩ | પાઇ | =૧ | પૈસા (સવાકો) |
| ૨ | પૈસા | =૧ | ઢબુ (અઢીકો) |
| ૪ | પૈસા | =૧ | આનો; આની |
| ૨ | આના | =૧ | બેઆની |
| ૨ | બેઆની | =૧ | પાવલી |
| ૨ | પાવલી | =૧ | અડધો |
| ૨ | અડધા | =૧ | રૂપીઓ |
| ૧૫ | રૂપીઆ | =૧ | ગેણી |

### (૨) સરકારી હિસાબમાં.

| | | | |
|---|---|---|---|
| ૧૨ | પાઇ | =૧ | આનો |
| ૧૬ | આના | =૧ | રૂપીઓ |

### (૩) વેપારી હિસાબ ગણવાનું.

| | | | |
|---|---|---|---|
| ૧૬ | વીસવાસી | =૧ | બદામ |
| ૧૬ | બદામ | =૧ | દોકડો |
| ૧૦૦ | બદામ | =૧ | આનો |
| ૧૦૦ | દોકડા | =૧ | રૂપીઓ |
| ૧૬૦૦ | બદામ | =૧ | રૂપીઓ |

## ભારદર્શક પરિમાણો.

### (૪) દેશી સાધારણ તોલનું.

| | | | |
|---|---|---|---|
| ૨॥ | રૂપીઆભાર | =૧ | અધોળ. |
| ૪॥ | જુનાપૈસાભાર | =૧ | અધોળ. |
| ૪॥ | ટાંક | ૧= | અધોળ. |
| ૨ | અધોળ | =૧ | નવટાંક. |
| ૨ | નવટાંક | =૧ | પાશેર. |
| ૨ | પાશેર | =૧ | અચ્છેર. |
| ૨ | અચ્છેર | =૧ | શેર. |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | રૂપીઆભાર | =૧ | શેર |
| ૭૨ | જુનાપૈસાભાર | =૧ | શેર |
| ૯૬ | નવાપૈસાભાર | =૧ | શેર |
| ૪૦ | શેર | =૧ | મણ |
| ૫ | મણ | =૧ | કોથળો |
| ૭ | મણ | =૧ | નાનોહારો |
| ૧૨ | મણ | =૧ | માણી |
| ૧૬ | મણ | =૧ | કળશી |
| ૨૦ | મણ | =૧ | ખાંડી |
| ૨૧ | મણ | =૧ | મોટોહારો |
| ૨૪ | મણ | =૧ | ભાર |

૩૦ મણ=૧ ગાલ્લી

૩૨ મણ=૧ બેડીઉં

૪૦ મણ=૧ મુડો

૧૦૦ મણ=૧ મોટો મુડો

---

(૫) રૂ તથા કપાસ તોલવાનું.

૪૮ શેર=૧ ધડી

૨૦ ધડી=૧ ભાર

---

(૬) સોનુ રૂપું તોલવાનું (દેશી)

૬ ચોખાભાર =૧ રતી

૪ મગભાર =૧ રતી

૩ રતી =૧ વાલ

૧૬ વાલ =૧ ગદિઆણો

૨ ગદિઆણા =૧ તોલો

૩૨ વાલ =૧ તોલો

(૭) દક્ષિણમાં ચાલતુ.

૮ રતી = ૧ માસો

૧૨ માસા= ૧ તોલો

(૮) ગણત્રીનું કોષ્ટક.

૧૨ નંગ = ૧ ડઝન

૧૨ ડઝન = ૧ ગ્રોસ (ગ્રુસ)

૨૦ નંગ = ૧ કોડી (કુડી)

૧૦૦ નંગ = ૧ સેંકડો

૧૦ સેંકડા = ૧ હજાર

---

(૯) કાગળ ગણવાનું.

૨૪ તાવ = ૧ ધા (દસ્તો)

૨૦ ધા = ૧ રીમ

૧૦ રીમ = ૧ ગાંસડી

## મહત્વદર્શક પરિમાણો.

(૧૦) કપડા ભરવાનું.

૨ આંગળ = ૧ તસુ

૧૨ તસુ = ૧ ફુટ

૨ ફુટ = ૧ ગજ

૨૪ તસુ = ૧ ગજ

૩ ફુટ = ૧ વાર

૩૬ તસુ = ૧ વાર

૨૦ તસુ = ૧ હાથ

---

(૧૧) દેશી અંતર માપવાનું.

૮ આડાજવ=૧ આગળ

૪ આંગળ =૨ મુઠ્ઠી

૩ મુઠ્ઠી =૧ વેંત

૨ વેંત =૧ હાથ

૪ હાથ =૧ દંડ (વામ)

૧૮૫૧૮



૨૦૦૦ દંડ = ૧ ગાઉ
૪ ગાઉ = ૧ જોજન
૧ ગાઉ = ૨॥ માઇલ

(૧૨) અંગ્રેજી અંતર માપવાનું.

૧૨ ઇંચ = ૧ ફુટ
૩ ફુટ = ૧ વાર (યાર્ડ)
૨૨૦ યાર્ડ = ૧ ફર્લાંગ
૮ ફર્લાંગ = ૧ માઇલ

૫૨૮૦ ફુટ = ૧ માઇલ
૧૭૬૦ યાર્ડ = ૧ માઇલ

(૧૩) દેશી ચોરસ માપનું.

૨૦ કાઠી = ૧ વસો
૨૦ વસા = ૧ વીંઘુ

**કાળ દર્શક પરિમાણો.**

(૧૪) વખત જાણવાનું કોષ્ટક.

૬૦ વિપળ = ૧ પળ
૬૦ પળ = ૧ ઘડી
૭॥ ઘડી = ૧ પહોર
૮ પહોર, ૬૦ ઘડી } = ૧ દિવસ
૭ દિવસ = ૧ અઠવાડીઉં
૧૫ દિવસ = ૧ પખવાડીઉં
૩૦ દિવસ = ૧ મહીનો
૧૨ મહીના = ૧ વરસ
૫૨ અઠવાડીઆં = ૧ વરસ
૩૬૦ દિવસ = ૧ વરસ

વખત જાણવાનું અંગ્રેજી કોષ્ટક

૬૦ સેંકડ = ૧ મિનિટ
૬૦ મિનિટ = ૧ કલાક
૨૪ કલાક = ૧ દિવસ
૩૬૫ દિવસ = ૧ વરસ

૧ ઘડી = ૨૪ મિનિટ
૧ પહોર = ૩ કલાક

# પ્રકરણ ૩.

## મનોયત્ન ૨. પોણાનું મુખગણિત.

૧) અર્ધો ને પાવલી મળીને કેટલા રૂપીઆ થાય ?
૨) ૦॥ ગજ લુગડું હતું બીજું ૦॥ ગજ લીધું તો કેટલું થયું ?

૩) ર૭ માં ૦॥। ઉમેરૂં તો કેટલા થાય ?

૪) ૬રા મણ ઘઉં હતા, બીજા ૦॥। મણ લાવ્યો તો કેટલા થાય ?

૫) ૪૫+૦॥।; ૪૭॥+૦॥।; ૩૭॥+૦॥।; ૬૯॥+૦॥। કેટલા ?

૬) ૦॥।+૪૦॥; ૦॥।+૬॥।; ૦॥।+૪૭; ૦॥।+૭ર કેટલા?

૭) કઇ સંખ્યામાંથી ૦॥। લઇએ તો ૪૫॥।, ૪૮, ૩૮। ને ૭૦॥ રહે?

૮) ૧ર અડધા અને ૧ર પાવલા મળી કેટલા રૂપીઆ થાય ?

૯) ૧॥ શેર દૂધમાંથી ૦॥। શેર ઢોળાઇ ગયું તો કેટલું રહ્યું ?

૧૦) મારી પાસે રૂ. ૦॥ છે, તેમાં શું ઉમેરૂં તો રૂ. ૦॥। થાય ?

૧૧) મારી પાસે રૂ. ૧૬॥ હતા, તેમાંથી રૂ. ૦॥। ખોવાઇ ગયો તો કેટલા રહ્યા ?

૧ર) રૂ. ર૪ માંથી રૂ. ૦॥। ખરચ્યો તો બાકી શું રહ્યું ?

૧૩) ૬૫॥–૦॥।; ૬૭॥–૦॥।; ૪૮॥।–૦॥।; ૬૩–૦॥। કેટલા ?

૧૪) ૧૭×૦॥।; ર૩×૦॥।; ૪૭×૦॥।; ૯૯×૦॥।; ૬૯×૦॥। કેટલા ?

૧૫) એક તપેલામાં ૦॥। મણ દૂધ માય તો એવા ર૭ તપેલામાં કેટલું માશે ?

૧૬) એક રૂપીઆનું ૦॥। ગજ તો રૂ. ૭૫ નું કેટલું ?

૧૭) ૦॥। ગજનું એક ગજવું થાય તો ર૮ ગજવામાં કેટલા ગજ લુગડું વપરાશે ?

૧૮) રૂ. ૦॥। નું એક શેર તો ર૪ શેરનું શું ?

૧૯) એક આનાનું ૦॥। શેર તો ર૪ આનાનું કેટલું આવે ?

ર૦) એક છોકરાને રૂ ૦॥। આપીએ તો ૬૭ છોકરાને આપવા કેટલા રૂપીઆ જોઇએ ?

ર૧) એક શીશીમાં ૦॥। સાહી માય તો ૫૯ શીશીમાં કેટલી માશે ?

૨૨) મહીને ૦ાા મણ ચોખા જોઇએ તો ૧ાા વરસમાં કેટલા જોઇએ ?

૨૩) એક માણુસને ૦ાા શેર અનાજ જોઇએ તો ૬૧ માણુસને કેટલા મણ જોઇએ ? ૪૦ શેર = ૧ મણ.

૨૪) એક શેર બદામનો રૂ. ૦ાા પડે તો ૧ મણનું શું બેસે ?

૨૫) ૨૪ આખાના પોણા કેટલા ? ૩૬ પોણાના આખા કેટલા ?

૨૬) પોણા રૂપીઆના પૈસા કેટલા ? આના કેટલા ? ઢબુ કેટલા ?

૨૭) ૮૯ પોણું ? ૩૯ પોણું ? ૭૯ પોણું ? ૪૯ પોણું કેટલા ?

૨૮) ૫૨ પોણાના આખા કેટલા ? ૬૪ પોણાના આખા કેટલા ?

૨૯) પોણાની ચચ્ચારની પલાખી બોલો.

૩૦) પોણાની બબ્બેની પલાખી બોલો.

૩૧) એક કડીઓ દરરોજ રૂ. ૦ાા કમાય તો ૨૯ કડીઆ ૮ દિવસમાં શું કમાશે ?

૩૨) રૂ. પાાની મણ ખાંડ મળે તો ૭ મણનું શું બેસશે ?

૩૩) પોણા રૂપીઆમાં ૩ પૈસા ઓછા છે તો કેટલા પૈસા હશે ?

૩૪) કેટલા પાવલા મળીને પોણો રૂપીઓ થાય ?

૩૫) પોણા કાગળમાંથી ૦। કાગળ કેટલા જણને અપાય ?

૩૬) જેટલા અડધા તેટલીજ પાવલીઓ કેટલી વખત લઇએ તો ૬૯ રૂપીઆ થાય ?

૩૭) રૂ. ૩૩માં પોણો રૂપીઓ કેટલીવાર છે ?

૩૮) રૂ. ૬૦ છે, ને છોકરા ૮૦ છે તો દરેકને શું મળશે ?

૩૯) રૂ. ૩૩ છે, તેમાં પોણો રૂપીઓ કેટલીવાર ઉમેરીએ તો ૪૫ રૂપીઆ થાય ?

૪૦) ૦ાા ગજ બનાતનો રૂ. ૧) બેસે તો ૨૭ાા ગજનું શું બેસે ?

૪૧) ૯૬ ખમીસની શીવડામણી રૂ. ૭૨ બેઠી તો ૭ની કેટલી ?

૪૨) કેટલા પોણા હોય તો ૬૩ આખા થાય ?

૪૩) ૫૬ા ગજ કપડામાંથી ૦ાા ગજના કેટલા રૂમાલ થાય ?

૪૪) રૂ. ૨૭ ના ૩૬ રૂમાલ મળ્યા તો એક રૂમાલનું શું પડ્યું ?

૪૫) કેટલા પોણે ૬૯ ? કેટલા પોણે ૨૯ા ? કેટલા પોણે ૭૨ાા ?

૪૬) પોણો કેટલીવાર લખીએ તો ૩૩ાા થાય ?

૪૭) ઘોડાને રોજ ૦ાા શેર ચંદા જોઇએ તો ૧૮ શેર કેટલા દિવસ ચાલે?

૪૮) કેટલા પોણે ૯, ૧૫, ૨૭, ૪૨, ૭૨ ?

૪૯) ૩૯ પેંડાનાથી પોણો પોણો પેંડા કેટલા છોકરાને અપાય ?

૫૦) ૦ાા આનાનું શેર કોળુ મળે તો રૂ. ૦ાા નું કેટલું આવે ?

૫૧) પોણો હજાર તે કેટલા ? પોણો સો લખો. પોણીસો લખો.

૫૨) કેટલા પોણા હોય તો પુરેપુરા આખા થાય ?

૫૩) રૂ. ૦ાા શેરના ભાવના ૩૦ શેર જીરાને બદલે રૂ. ૧ાા શેરનાં ભાવની કેટલી હીંગ આપવી ?

## મનોયત્ન રૂ. સવાયાનું મુખગણિત.

૧) રૂપીઓ ને પાવલી મળીને કેટલા રૂપીઆ થાય ?

૨) ૪૩ાા માં ૧ા ઉમેરીએ તો કેટલા થાય ?

૩) ૬૮ાા રૂપીઆ હતા ને મારા ભાઇ ૧ા રૂપીઆ આપે તો મારી પાસે કેટલા રૂપીઆ થાય ?

૪) ૩૮ાા+૧ા, ૬૭ાા+૧ા, ૫૬ા+૧ા, ૭૭+૧ા કેટલા ?

૫) ૧ા+૪૧, ૧ા+૪૭ા, ૧ા+૩૬ા, ૧ા+૭૮ાા કેટલા ?

૬) રૂ. ૭૮ાા છે, તેમાથી સવા રૂપીઓ ખરચ્યો તો બાકી શું રહ્યું ?

૭) રૂ. ૪૫માંથી રૂ. ૧। ધર્માદા કર્યા તો કેટલા રહ્યા ?

૮) ૭૮।।।–૧। ૫૭।।–૧।, ૩૬।–૧।, ૧૦૦–૧। કેટલા ?

૯) ૪૦–૩૮।।।, ૬૮।।।–૬૭।।, ૮૨।।–૮૧।, ૭૧।–૭૦ કેટલા ?

૧૦) ૧। રૂપીઆમાં શું ઉમેરીએ તો ૨।। રૂપીઆ થય ?

૧૧) રૂ.૩।।। છે, ૫ કરવા છે તો કેટલા ખૂટે ?

૧૨) ૯૯×૧।, ૭૫×૧।, ૬૯×૧।, ૫૯×૧।, ૭૯×૧।, કેટલા ?

૧૩) ૩૭×૧।, ૬૭×૧।, ૯૫×૧।, ૭૦૦×૧।, ૯૦૦×૧।, કેટલા ?

૧૪) ૧। રૂપીએ શેર બદામ મળે તો ૨૯ શેર બદામનું શું બેસે ?

૧૫) એક બંડીમાં ૧। ગજ કપડું જાય તો ૪૫ ગજમાથી કેટલી બંડી થશે ?

૧૬) એક મજુર રોજ ૧। રૂપીઓ કમાય તો ૩૯ દિવસમાં શું કમાશે ?

૧૭) ૭૨ તપેલી લેવી છે. એક તપેલીનું વજન ૧। શેર થાય છે તો બધી તપેલીનું વજન કેટલા મણ થશે ? ૪૦ શેર = ૧ મણ

૧૮) રોજ ૧। શેર લોટ વપરાય તો મહિનામાં કેટલો વપરાશે ?

૧૯) એક છોકરો ૧। શેર દૂધ પીએ તો ૬૭ છોકરા કેટલું દૂધ પીશે ?

૨૦) ૩૩ રૂપીએ મણ બદામ મળે તો ૧। મણનું શું બેસશે ?

૨૧) સવાયાની ચચ્ચારની પલાખી સવળી ને અવળી બોલો.

૨૨) સવાયાની બબ્બેની પલાખી સવળી ને અવળી લખો.

૨૩) ૯૯×૧।થી ૭૯×૧। સુધી ઉલટા બોલો.

૨૪) જેટલા રૂપીઆ તેટલાજ પાવલા ૪૩ વખત લઇએ તો કેટલા રૂપીઆ થાય ?

૨૫) રૂ. ૧।નું ૧ શેર ઘી મળે તો ૪૦ રૂપીઆનું કેટલું આવે ?

૨૬) એક આનાનું ૧। શેર કોળું મળે તો ૩।. ૭)નું કેટલું આવશે ?

२७) हुं ४१ माणुस पासे सवा सवा रूपीओ मागुं तो मारूं कुल लेणुं केटलुं हशे ?
२८) एक शेर कारेलांनो सवा आनो बेसे तो ६४ शेर कारेलांना केटला रूपीआ बेसे ?
२९) १२ सुथारने रोजना सवा रूपीआ लेखे ८ दिवसना केटला रूपीआ मळशे ?
३०) १५ रूपीआ ने १५ पावली मळीने केटला रूपीआ थाय ?
३१) मणु साकरना रू. ७॥। बेसे तो ८ मणुनुं शुं बेसे ?
३२) केटलां पावला मळीने सवा रूपीओ थाय ?
३३) सवा रूपीआमां ०। रूपीओ केटली वार छे ?
३४) सवा कागळमांथी ०। कागळ केटला थशे ?
३५) ८५ रूपीआमांथी सवा रूपीओ केटला माणुसने अपाय ?
३६) ८० छोकरा वच्चे १०० रूपीआ वहेंचीओ तो दरेकने शुं मळे ?
३७) सवा शेर वेगणनो एक आनो तो ५८॥। शेर वेगणनुं शुं बेसे ?
३८) एक कोटनी शीवडामणी १। रूपीआ लेखे दरजीने में ४३॥। रूपीआ आप्या त्यारे केटला कोट शीवडाव्या हशे ?
३९) ७० रूपीआमांथी सवा सवा रूपीआनी केटली टोपीओ आवशे ?
४०) एक ताकामां ३७॥ गज कपडुं छे, तेमांथी सवा सवा गजना केटला पहेरणु थशे ?
४१) ५५) रूपीआमां ४४ टोपी लीधी तो एक टोपीनी किंमत शुं पडी ?
४२) केटलीवार सवा लइए तो ८८॥।; ७३॥।; ४७॥; १०७॥; ८७५ थाय ?
४३) एक हजामतनो १। आनो आपवो पडे छे, में हजामने रू. ५) आप्या त्यारे केटली हजामत करावी हशे ?

૪૪) ૪૨॥ રૂપીઆમાંથી સવા રૂપીઆવાળી કેટલી છત્રીઓ આવશે ?
૪૫) કેટલા સવા ૪૫ ? કેટલા સવા ૫૬। ? કેટલા સવા ૪૮॥। ?
૪૬) ૪૨ વાર સવા રૂપીઓ લેવાને બદલે ૨॥ રૂપીઆ કેટલીવાર લઇએ તો ચાલે ?
૪૭) કેટલા સવા હોય તો પુરેપુરા આખા થાય ?
૪૮) ૧। આને શેર સુરણ મળે તો ૧। રૂપીઆનું કેટલું આવે ?
૪૯) ૧। શેરનો ૦। આનો તો ૧। મણનું શું ?

## મનોયત્ન ૪. શેરની ધાતનો ઉપયોગ.

૧) પૈસો એટલે શું ? રૂપીઓ એટલે શું ? પૈસો ને પૈસાભાર, રૂપીઓ ને રૂપીઆભારમાં ફેર શું તે સમજાવવો.
૨) રૂપીઆભાર મધ લેજો એમાં શું સમજ્યા ?
૩) અધોળના રૂપીઆભાર કેટલા ? અધોળના પૈસાભાર કેટલા ?
૪) અધોળ તોળવા માટે કેટલા રૂપીઆ મૂકવા ? પૈસા કેટલા મૂકવા?
૫) ૨॥ રૂપીઆનો ભાર કેટલા પૈસાના ભાર બરાબર છે ?
૬) ૪॥ પૈસા મૂકીને તોળવાને બદલે કેટલા રૂપીઆ મૂકીને તોળીએ તો ચાલે ?
૭) અધોળ દરાખ લીધી બીજીવાર અધોળ લીધી કેટલી થઇ ?
૮) અધોળ બે વખત લેવાને બદલે એકકી વખતે કેટલું લેવું ?
૯) નવટાંકના અધોળ કેટલા ? કેટલા અધોળનો નવટાંક થાય ?
૧૦) નવટાંકના રૂપીઆભાર કેટલા ? નવટાંકના પૈસાભાર કેટલા ?
૧૧) નવટાંક તેલમાંથી ૪॥ પૈસાભાર ઢોળાઇ ગયું તો કેટલું રહ્યું ?

૧૨) ૪॥ પૈસાભાર બદામમાં, ૨॥ રૂપીઆભાર એલચી નાખી તો કેટલું વજન થયું ?

૧૩) પાશેરના નવટાંક કેટલા ? પાશેરના અધોળ કેટલા ? પાશેરના રૂપીઆભાર કેટલા ? પાશેરના પૈસાભાર કેટલા ?

૧૪) ૨ નવટાંક; ૪ અધોળ; ૧૦ રૂપીઆભાર; ૧૮ પૈસાભાર કયા કાટલાની બરાબર છે ?

૧૫) ૧૦ રૂપીઆ, ૧૮ પૈસા, ૨ નવટાંક, ૪ અધોળ, એક પાશેર એમાં ભાર કોનો વધારે ?

૧૬) ૪॥ પૈસાભાર ખાંડ, અધોળ ઘી અને નવટાંક લોટ લીધો તો બધું મળી કેટલું વજન થયું ?

૧૭) પાશેર મધમાંથી અધોળ વપરાયું તો કેટલું રહ્યું ?

૧૮) ૨॥ રૂપીઆભાર મરી, અધોળ તજ, અને ૪॥ પૈસાભાર એલચીમાં કેટલી સૂંઠ નાખું તો પાશેર વજન થાય ?

૧૯) પાશેર કોની કોની બરાબર છે ? પાશેર અને પાશેર કેટલું ?

૨૦) કેટલા પાશેરા હોય તો અચ્છેર જેટલું વજન થાય ?

૨૧) અચ્છેરના પાશેર કેટલા ? નવટાંક કેટલા ? અધોળ કેટલા ? રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા ? અચ્છેર કોની કોની બરાબર છે ?

૨૨) કાટલાં વગર અચ્છેર શી રીતે તોળી આપવું ?

૨૩) અચ્છેર ઘીમાંથી વાપરતાં ૩ અધોળ રહ્યું ત્યારે કેટલું વપરાયું ?

૨૪) ૩ વાર નવટાંક સાહી લીધી, પણ સીસીમાં અચ્છેર સાહી માય છે, તો સીસી ભરવાને બીજી કેટલી સાહી લેવી ?

૨૫) અચ્છેર લોટ ને પાશેર ઘી મળી કેટલું વજન થયું ?

૨૬) પોણો શેરના પાશેરા કેટલા? નવટાંક કેટલા? અધોળ કેટલા?
૨૭) એકલા પૈસાથી પોણો શેર શી રીતે તોળી આપવું?
૨૮) ૧૫ રૂપીઆ છે, બીજા કેટલા રૂપીઆ હોય તો પોણો શેર તોળી અપાય?
૨૯) પોણો શેર કોની કોની બરાબર છે?
૩૦) પોણોશેર દૂધમાં પાશેર પાણી મેળવ્યું તો કેટલું વજન થયું?
૩૧) શેરમાંથી કેટલું વાપરીએ તો પોણો શેર રહે?
૩૨) શેરના અચ્છેરા કેટલા? પાશેર કેટલા? નવટાંક કેટલા? અધોળ કેટલા? રૂપીઆભાર કેટલા? પૈસાભાર કેટલા?
૩૩) શેર કોની કોની બરાબર છે?
૩૪) આ રેતીના ઢગલામાંથી આ અધોળી વડે નવટાંકી, પાશેરો, અચ્છેરો, અને શેરીઓ બનાવો.
૩૫) નવટાંકની ધાત બોલો. શેરની ધાત બોલો.
૩૬) કેટલી વખત નવટાંક લઇએ તો શેર થાય! ૦॥। શેર લેવું હોય તો નવટાંક કેટલીવાર લેવું?
૩૭) ૧૬ અધોળાના કેટલા સેર? ૭ શેરના, ૧॥ શેરના, ૨॥ શેરના ૦॥। શેરના, ૧। શેરના અને પાશેરના અધોળ કેટલા?
૩૮) ૪ શેર તોળવા માટે કેટલા પાશેર મુકવા? ચાર શેરના પાશેરા કેટલા?
૩૯) ૩૦ રૂપીઆ છે એનો ભાર કેટલો? એટલોજ ભાર કેટલા પૈસાનો થાય?
૪૦) ત્રાજવાના એક પલ્લામાં પાંચશેરી મૂકી છે ને સામા પલ્લામાં પાશેરો મૂકયો છે તો કેટલું તોળાશે?
૪૧) ૨॥ પાઇની પાશેર દૂધી ગ.ળે તો શેરનું શું બેસે?

૪૨) ૨॥ આનાનું શેર દૂધ આવે ત્યારે ૦॥। શેરનું શું આપવું ?
૪૩) ૨૬ આને શેર બદામ મળે તો પાશેરનું શું આપવું ?
૪૪) બાર વખત અધોળ અધોળ મધ લીધું ત્યારે તે કેટલું થયું ?
૪૫) શેરમાં ૪॥ પૈસાભાર ઓછું દૂધ મળ્યું ત્યારે પોણો શેર કરતાં કેટલું વધારે અથવા ઓછું મળ્યું ?
૪૬) પાંચશેર ને નવટાંક ઘી છે તેમાં કેટલું નાખું તો ૭ શેર થાય?
૪૭) ૮ પૈસાનું શેર દૂધ મળે તો નવટાંકનું શું ? એક પૈસાનું કેટલું આવે ?
૪૮) ૮ પાઈનું પાશેર દૂધ આવ્યું તો એક આનામાં કેટલું આવશે ?
૪૯) ૨। શેરના રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા ?
૫૦) ૧૫ રૂપીઆભાર કેટલા અધોળની બરાબર છે ?
૫૧) દોઢ પાશેર તે કેટલા રૂપીઆના ભાર બરાબર છે ?
૫૨) ૦।, ૦॥, ૦॥।, ૧, ૧।, ૧॥, ને ૨॥ શેરના રૂપીઆભાર કેટલા ?
૫૩) ૪ પાશેરના નવટાંક કેટલા ? અધોળ કેટલા ? અચ્છેર કેટલા ?
૫૪) અઢી પાશેરના નવટાંક કેટલા ? અધોળ કેટલા ?
૫૫) ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦, ૮૦ ને ૧૦૦ રૂપીઆભારના શેર કેટલા ?
૫૬) કેટલા નવા પૈસાભાર ૧॥ શેર થાય ?
૫૭) પેણોશેર ને ન ટાંકના રૂપીઆભાર કેટલા ?
૫૮) શેર ને પાશેરા વડે પોણોશેર શી રીતે તોળી આપવું ?
૫૯) નવટાંક લોટ ને ૪॥ પૈસાભાર ઘી મળી કેટલું વજન થાય ?
૬૦) અચ્છેર બદામ, પાંચ રૂપીઆભાર સાકર અને ૯ પૈસાભાર એલચી લીધી તેમાં કેટલો લોટ નાખું તો એક શેર વજન થાય ?
૬૧) પોણો શેર ઘીમાંથી ૧૮ પૈસાભાર વપરાયું તો હવે કેટલા શેર રહ્યું ?
૬૨) ૩૦ રૂપીઆભાર વધારે કે ૩૬ પૈસાભાર ?

૬૩) નવટાંક, પાશેર, અચ્છેર, પોણો શેર ને શેર તોળવું હોય તો કેટલા રૂપીઆ મૂકવા? પૈસા કેટલા મુકવા?

૬૪) મારી પાસે ૧ રૂપીઆભારનું, ૩ રૂપીઆભારનું, ૯ રૂપીઆભારનું અને ૨૭ રૂપીઆભારનું એવાં ચાર કાટલાં છે તેનાથી નવટાંક, પાશેર, અચ્છેર, પોણોશેર અને શેર તોળી આપો.

૬૫) ઉપરના ચાર કાટલાંથી ૧ રૂપીઆભારથી ૪૦ રૂપીઆભાર સુધીમાં જેટલા રૂપીઆભાર માગે તેટલા રૂપીઆભાર તોળી આપો.

—(૦)—

## મનોયત્ન ૫. મણની ધાતનો ઉપયોગ.

૧) મણના શેર કેટલા? કેટલા શેરનો મણ? શેરના રૂપીઆભાર કેટલા?

૨) સવા મણના શેર કેટલા? પોણો મણના શેર કેટલા?

૩) ૪૮ શેર તે એક મણથી કેટલું વધારે, અને સવા મણથી કેટલુ ઓછું?

૪) ૧‌॥ મણમાંથી ૩ શેર લઇએ તો કેટલા શેર રહે?

૫) ૩૮ શેર ૦॥। મણથી કેટલું વધારે? ૦॥। મણ ૩૮ શેરથી કેટલું ઓછું? ૩૮ શેર મણમાં કેટલું ઓછું? મણ એ ૩૮ શેરથી કેટલું વધારે?

૬) ૧૦૦, ૬૦, ૫૦, ૩૦, ૨૦, ૧૦ શેરના મણ કેટલા? ૦।, ૦॥, ૦॥।, ૧।, ૧॥, અને ૨॥ મણના શેર કેટલા?

૭) મણની દશ શેરી કેટલી? પાંચશેરી કેટલી? અઢીશેરી કેટલી? સવાશેરી કેટલી? અધમણીઆ કેટલા?

૮) ૨॥ મણ ૭ શેરના શેર કેટલા?

૯) સવા મણુની પાંચશેરી કેટલી ? અઢીશેરી કેટલી ? સવાશેરી કેટલી ?
૧૦) ૧ા મણુમાંથી પાંચ શેર કેટલી વખત આપી શકાય ? ૧ા શેર કેટલી વખત આપી શકાય ?
૧૧) ૨૫ શેરમાં ૫ શેર નાખીએ તો કેટલા મણ થાય ? ૫ શેર કાઢી લઇએ તો કેટલા મણ રહે ?
૧૨) ૩૫ શેરમાંથી ૫ શેર કાઢી લઇએ તો કેટલા મણુ રહે ?
૧૩) ૨ા મણુ ઘીમાંથી ૨૫ શેર ગળી ગયું તો કેટલું રહ્યું ?
૧૪) એક મણુ ઘી આપવું હોય તો કેટલા રૂપીઆ મૂકીને તોળી આપવું ? પાંચશેરથી કેટલીવાર તોળવું ?
૧૫) મણુ દાળ જોઇએ છે, તેમાં ૩૨ શેર છે તો બીજી કેટલી લાવવી ?
૧૬) અધમણીઓ, દશશેરી, અને પાંચશેરી એક ત્રાજવામાં મૂકીએ તો કેટલા શેર તોળાય ?
૧૭) ૦ાા મણુ તે ૩૭ શેરથી કેટલું ઓછું ? ૩૭ શેર તે ૦ાા મણુથી કેટલું વધારે ?
૧૮) મણુમાં ૧૦ શેર ઓછું તે કેટલા મણુ કહેવાય ?
૧૯) મણુ તોળવા માટે બશેરીથી કેટલી વખત તોળવું ?
૨૦) અઢીશેર કેટલી વખત લઇએ તો મણુ થાય ? મણુની અઢીશેરી કેટલી ? મણુનો ૧૬ મો ભાગ શું ?
૨૧) કેટલી વખત સવાશેર લઇએ તો મણુ થાય ?
૨૨) સાત વખત દસ શેર તોળી આપ્યું તો કેટલા મણુ થયું ?
૨૩) એક તામડીમાં ૮ શેર દૂધ માય છે, મારે ૨ મણુ લેવું હોય તો તામડી કેટલી વખત ભરી લેવી ?
૨૪) મણુના શેર કેટલા ? શેરના અધોળ કેટલા ? મણુના અધોળ કેટલા ?

૨૫) ૧॥ મણ અનાજ છે, રોજ ૫શેર વાપરીએ તો કેટલા દિવસ ચાલે ? અને જો રોજ ૩ શેર વાપરીએ તો કેટલા દિવસ ચાલે ?

૨૬) શેરથી મણ કેટલા ગણો. શેર એ મણનો કેટલામો ભાગ ?

૨૭) ૨॥ મણ ૩ શેરમાં કેટલું ઉમેરીએ તો ૩ મણ થાય ?

૨૮) ૦॥ મણમાં ૪। શેર ઓછું તે કેટલા શેર ?

૨૯) પાવલાના ૨॥ શેર ચોખા મળે તો મણનું શું પડયું ?

૩૦) અઢાશેરના બે આના આપ્યા તો મણનું શું આપવું ?

૩૧) રૂ. ૪૧ એ મણ ઘી મળે તો ૦॥ મણનું શું આપવું ?

૩૨) ૯ વખત અઢોશેર ચણા લીધા તે કેટલા થયા ?

૩૩) ૩૫ શેર અનાજ આપવું હોય તો સવાશેરથી કેટલી વખત તોળી આપવું અઢીશેરીથી તેટલી વખત તોળવું પડે ?

૩૪) અઢીશેર કેટલી વખત લઇએ તો ૦॥ મણ થાય ?

૩૫) ૨॥ મણ તોળવા માટે કેટલા અધમણીઆ મૂકવા ?

૩૬) અઢી મણની પાંચ શેરી કેટલી ? કેટલી પાંચશેરીનો ભાર ૭॥ મણ જેટલો થાય ?

૩૭) અધમણીઆ ને પાંચશેરી વડે ૧૫ શેર શી રીતે તોળી આપવું ?

૩૮) મારી પાસે દશશેરો છે, તેનાથી ૨॥ શેર શી રીતે તોળી આપવું ?

૩૯) મારી પાસે ૧ શેરનું, ૩ શેરનું, ૯ શેરનું અને ૨૭ શેરનું એવાં ચાર કાટલાં છે, તે વડે ૧૯, ૨૩, ૨૯, ૩૯ શેર શી રીતે તોળી આપવું ?

૪૦) ઉપલા કાટલાં વડે ૧, ૨, ૩, ૪, ૫ એમ ૪૦ શેર સુધી કેવી રીતે તોળી આપવું ?

---

# પ્રકરણ ૪.

## વજન અને કિંમત સંબંધી સમજ.

અચ્છેર બે વખત લઇએ તો કેટલું થાય ? અચ્છેરનું બમણું કેટલું ? પાશેરનું બમણું કેટલું ? નવટાંકનું બમણું કેટલું ? અધોળનું બમણું કેટલું ? સવા રૂપીઆભારનું બમણું કેટલું ?

અધમણ બે વખત લઇએ તો કેટલું થાય ? દશશેરનું બમણું કેટલું ? પાંચશેરનું બમણું કેટલું ? અઢીશેરનું બમણું કેટલું? સવાશેરનું બમણું કેટલું ?

| | | | | |
|---|---|---|---|---|
| અચ્છેરનો રૂ. | ૧) | પડે તો | શેરનું શું ? | જ. રૂ. ૨) |
| પાશેરનો રૂ. | ૧) | પડે તો | અચ્છેરનું શું ? | જ. રૂ. ૨) |
| નવટાંકનો રૂ. | ૧) | પડે તો | પાશેરનું શું ? | જ. રૂ. ૨) |
| અધોળનો રૂ. | ૧) | પડે તો | નવટાંકનું શું ? | જ. રૂ. ૨) |
| અધમણનો રૂ. | ૧) | પડે તો | મણનું શું ? | જ. રૂ. ૨) |
| દસશેરનો રૂ. | ૧) | પડે તો | અધમણનું શું ? | જ. રૂ. ૨) |
| પાંચશેરનો રૂ. | ૧) | પડે તો | દશ શેરનું શું ? | જ. રૂ. ૨) |
| અઢીશેરનો રૂ. | ૧) | પડે તો | પાંચશેરનું શું ? | જ. રૂ. ૨) |
| સવાશેરનો રૂ. | ૧) | પડે તો | ૨॥ શેરનું શું ? | જ. રૂ. ૨) |

ઉપરના હિસાબમાં તમે વજન કેટલા ગણું લીધું ? જ. **બમણું**. કિંમત કેટલા ગણી આપી ? જ. **બમણી**. બમણું વજન લઇએ તો કિંમત કેટલી આપવી પડે? જ. **બમણી**. ચાર ગણું વજન લઇએ તો કિંમત કેટલી આપવી પડે ? **ચારગણી**. આઠ ગણું વજન લઇએ તો કિંમત કેટલી આપવી પડે ? જ. **આઠગણી**.

ઉપરના હિસાબો પરથી કઇ રીત નીકળી ? જ.

**૧) જેટલા ગણું વજન લઇએ તેટલા ગણી કિંમત આપવી પડે.**

બમણી કિંમત આપીએ તો વજન કેટલા ગણું મળે ? જ. બમણું. ચાર ગણી કિંમત આપીએ તો વજન કેટલા ગણું મળે ? જ. ચાર ગણું વજન મળે. આ ઉપરથી કઇ રીત નીકળી ? જ

**૨) જેટલા ગણી કિંમત આપીએ તેટલા ગણું વજન મળે.**

શેરનું અડધું કેટલું ? અચ્છેરનું અડધું ? પાશેરનું અડધું ? નવટાંકનું અડધું ? અધોળનું અડધું કેટલું ?

મણનું અડધું કેટલું ? અધમણનું અડધું કેટલું ? દસશેરનું અડધું ? પાંચશેરનું અડધું ? અઢીશેરનું અડધું ? સવાશેરના અધોળા કેટલા ? સવાશેરનું અડધું ?

| | | | |
|---|---|---|---|
| શેરનો | રૂ. ૧) પડે તો અચ્છેરનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| અચ્છેરનો | રૂ. ૧) પડે તો પાશેરનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| પાશેરનો | રૂ. ૧) પડે તો નવટાંકનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| નવટાંકનો | રૂ. ૧) પડે તો અધોળનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| અધોળનો | રૂ. ૧) પડે તો સવા રૂપીઆભારનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| મણનો | રૂ. ૧) બેસે તો અધમણનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| અધમણનો | રૂ. ૧) બેસે તો દસશેર કે ૦ા મણનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| દસશેરનો | રૂ. ૧) બેસે તો પાંચશેરનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| પાંચશેરનો | રૂ. ૧) બેસે તો અઢીશેરનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| અઢીશેરનો | રૂ. ૧) બેસે તો સવાશેરનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |
| સવાશેરનો | રૂ. ૧) બેસે તો દસ અધોળનું | શું બેસે ? | જ. રૂ. ૦॥ |

ઉપરના હિસાબોમાં તમે વજનનો કેટલામો ભાગ લીધો ? જ. અડધો ભાગ. કિંમતનો કેટલામો ભાગ આપ્યો ? જ. અડધો ભાગ. વજનનો અડધો ભાગ લઈએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ०॥ ભાગ. વજનનો ચોથો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ચોથો ભાગ. વજનનો આઠમો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. આઠમો ભાગ. વજનનો સોળમો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે. જ. સોળમો ભાગ. વજનનો ૩૨ મો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ૩૨ મો ભાગ. વજનનો ૪૦ મો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ૪૦ મો ભાગ. વજનનો ૧૬૦૦ મો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. સોળસેમો ભાગ. આ ઉપરથી કઇ રીત નીકળી ?

**જ. ૩) વજનનો જેટલામો ભાગ લઇએ તેટલામો ભાગ કિંમતનો આપવો પડે.**

કિંમતનો અડધો ભાગ આપીએ તો વજનનો કેટલામો ભાગ મળે ? જ. અડધો. કિંમતનો ચોથો ભાગ આપીએ તો વજનનો કેટલામો ભાગ મળે ? જ. ચોથો ભાગ મળે. આ ઉપરથી કઇ રીત નીકળી ?

**જ. ૪) કિંમતનો જેટલામો ભાગ આપીએ તેટલામો ભાગ વજનનો મળે.**

---

**ત્રીજી ચોપડીનો ડિકટેશન શિક્ષક ત્રણ આના.**
**સુરત જિલ્લાનો "ભૂગોળ શિક્ષક" ત્રણ આના.**
**ગુજરાતની સામાન્ય ભૂગોળની પ્રશ્નોત્તરમાળા ૩ આના.**

| | | |
|---|---|---|
| રૂપીઆના અડધા ૨ | શેરના અચ્છેરા ૨ | મણના અધમણીઆ ૨ |
| રૂપીઆના પાવલા ૪ | શેરના પાશેરા ૪ | મણના દસશેરા ૪ |
| રૂપીઆની બેઆની ૮ | શેરના નવટાંક ૮ | મણની પાંચશેરી ૮ |
| રૂપીઆના આના ૧૬ | શેરના અધોળા ૧૬ | મણની અઢીશેરી ૧૬ |
| રૂપીઆના ઢબુ ૩૨ | શેરના ૧। રૂ. ભાર ૩૨ | મણની સવાશેરી ૩૨ |
| રૂ.ના અઢી દોકડા ૪૦ | શેરના રૂ. ભાર ૪૦ | મણના શેર ૪૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬। દોકડાનો | રૂ. | ૦)– | ૯૩॥। દોકડાનો | રૂ. | ૦॥।≋ |
| ૧૨॥ દોકડાના | રૂ. | ૦)= | ૧૦૦ દોકડાનો | રૂ. | ૧) |
| ૧૮॥। દોકડા | રૂ. | ૦)≋ | | | |
| ૨૫ દોકડાનો | રૂ. | ૦। | ૧૦૦ દોકડાનો | રૂ. | ૧) |
| ૩૧। દોકડાનો | રૂ. | ૦।– | ૨૦૦ દોકડાના | રૂ. | ૨) |
| ૩૭॥ દોકડાનો | રૂ. | ૦।= | ૩૦૦ દોકડાના | રૂ. | ૩) |
| ૪૩॥। દોકડાનો | રૂ. | ૦।≋ | ૪૦૦ દોકડાના | રૂ. | ૪) |
| ૫૦ દોકડાનો | રૂ. | ૦॥ | ૫૦૦ દોકડાના | રૂ. | ૫) |
| ૫૬। દોકડાનો | રૂ. | ૦॥– | ૬૦૦ દોકડાના | રૂ. | ૬) |
| ૬૨॥ દોકડાનો | રૂ. | ૦॥= | ૭૦૦ દોકડાના | રૂ. | ૭) |
| ૬૮॥। દોકડાનો | રૂ. | ૦॥≋ | ૮૦૦ દોકડાના | રૂ. | ૮) |
| ૭૫ દોકડાનો | રૂ. | ૦॥। | ૯૦૦ દોકડાના | રૂ. | ૯) |
| ૮૧। દોકડાનો | રૂ. | ૦॥।– | ૧૦૦૦ દોકડાના | રૂ. | ૧૦) |
| ૮૭॥ દોકડાનો | રૂ. | ૦॥।= | ૧ દોકડો લગભગ બે પાઈ | | |

## શેરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપીએ શેર તેટલાજ અડધાનું અચ્છેર
૨. જેટલે રૂપીએ શેર તેટલાજ પાવલાનું પાશેર
૩. જેટલે રૂપીએ શેર તેટલીજ બેઆનીનું નવટાંક
૪. જેટલે રૂપીએ શેર તેટલાજ આનાનું અધોળ
૫. જેટલે રૂપીએ શેર તેટલા ઢબુનું ૧। રૂપીઆભાર
૬. જેટલે રૂપીએ શેર તેથી અઢી ગણે ×દોકડે રૂપીઆભાર
૭. જેટલે આને શેર તેટલાજ ઢબુનું અચ્છેર
૮. જેટલે આને શેર તેટલાજ સવાકાનું પાશેર
૯. જેટલે આને શેર તેટલાજ અધેલાનું નવટાંક
૧૦. જેટલે આને શેર તેટલાજ *ઉપઆનાનું અધોળ
૧૧. જેટલે આને શેર તેથી અઢી ગણી બદામે રૂપીઆભાર
૧૨. જેટલા આનાનું અધોળ તેટલાજ રૂપીઆનું શેર

## મણનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપીએ મણ તેટલાજ અડધાનું અધમણ
૨. જેટલે રૂપીએ મણ તેટલાજ પાવલાનું દસશેર
૩. જેટલે રૂપીએ મણ તેટલીજ બેઆનીનું પાંચ શેર
૪. જેટલે રૂપીએ મણ તેટલાજ આનાનું અઢી શેર
૫. જેટલે રૂપીએ મણ તેટલાજ ઢબુનું સવાશેર
૬. જેટલે રૂપીએ મણ તેટલાજ સવાકાનું દસ અધોળ
૭. જેટલે રૂપીએ મણ તેથી અઢી ગણે દોકડે શેર
૮. જેટલે આને મણ તેટલાજ ઢબુનું અધમણ

×એક દોકડાની લગભગ ૨ પાઇ થાય *ઉપઆનાની ૦।।। પાઇ

૯) જેટલે આને મણ તેટલાજ સવાકાનું દસશેર
૧૦) જેટલે આને મણ તેટલાજ અધેલાનું પાંચ શેર
૧૧) જેટલે આને મણ તેટલાજ ઉપઆનાનું અઢી શેર
૧૨) જેટલે આને મણ તેથી અઢીગણી બદામે શેર
૧૩) જેટલા આનાનું ૨॥ શેર તેટલાજ રૂપીઆનું મણ

## રૂપીઆભારના અધોળ અને શેરની અઢીશેરી કરવાની સહેલી રીત.

૧॥ રૂપીઆભાર=૦॥ અધોળ થાય છે, માટે જે રૂપીઆભાર સવાયાના આંકમાં આવે તેના અધોળા થઈ શકે. રૂપીઆભારમાં જેટલી વખત સવા હોય તેના અર્ધા કરવાથી અધોળ થાય તેજ મુજબ શેર ૧॥ અઢીશેરી પણ થાય. જેમકે ૨૭॥ રૂપીઆભારના અધોળ કેટલા? ૨૭.। શેરની અઢીશેરી કેટલી? ૨૭॥÷૧।=૨૨, ૨૨×૦॥=૧૧ અધોળ. ૨૭।÷૧।=૨૨, ૨૨×૦॥=૧૧ અઢીશેરી.

---

### મનોયત્ન ૬.

૧) રૂ. ૧) નું શેર તો ૧ અધોળનું શું?
૨) રૂ. ૨) નું શેર તો ૧ અધોળનું શું?
૩) રૂ. ૫) નું શેર તો અધોળનું શું?
૪) રૂ. ૭.। નું શેર તો ૧ અધોળનું શું?
૫) રૂ. ૭॥ નું શેર તો નવટાંકનું શું?
૬) રૂ. ૭૦ નું શેર તો શેર ૦।~ નું શું?
૭) રૂ.૦ ૧૮॥=નું શેર તો અધોળનું શું?
૮) રૂ. ૨૩।= નું શેર તો ૦। શેરનું શું?

૯) રૂ. ૪॥ નું શેર તો ૨॥ રૂપીઆભારનું શું?
૧૦) રૂ. ૧૫॥ નું શેર તો ૪॥ પૈસાભારનું શું?
૧૧) રૂ. ૧૮॥ નું શેર તો ૧૫ રૂપીઆભારનું શું?
૧૨) રૂ. ૧૫) નું શેર તો રૂપીઆભારનું શું?
૧૩) રૂ. ૧૦॥ નું શેર તો ૨ રૂપીઆભારનું શું?
૧૪) રૂ. ૭॥ આનાનું અધોળ તો શેરનું શું?
૧૫) રૂ. ।≡॥ નું ૨॥ રૂપીઆભાર તો શેરનું શું?
૧૬) રૂ. ૩। નું આનાનું અધોળ તો શેરનું શું?
૧૭) રૂ. ૦)≡। નુ ૪॥ પૈસાભાર તો શેરનું શું?
૧૮) રૂ. ૦)≡ નું શેર તો નવટાંકનું શું?
૧૯) રૂ. ૨॥ આનાનું નવટાંક તો શેરનું શું?
૨૦) રૂ. ૧) નું મણ તો ૨॥ શેરનું શું?
૨૧) રૂ. ૨) નું મણ તો ૨॥ શેરનું શું?
૨૨) રૂ. ૪) નું મણ તો ૨॥ શેરનું શું?
૨૩) રૂ. ૩॥ નું મણ તો ૨॥ શેરનું શું?
૨૪) રૂ. ૮॥। નું મણ તો ૫ શેરનું શું?
૨૫) રૂ. ૬। નું મણ તો ૦। મણ ૨॥ શેરનું શું?
૨૬) રૂ. ૨૩॥।= નું મણ તો ૨॥ શેરનું શું?
૨૭) રૂ. ૧૭।= નું મણ તો ૦। મણનું શું?
૨૮) રૂ. ૭॥ નું મણ તો ૨॥ શેરનું શું?
૨૯) રૂ. ૧૩॥ નું મણ તો ૫ શેરનું શું?
૩૦) રૂ. ૨૮॥। નું મણ તો ૧૫ શેરનું શું?
૩૧) રૂ. ૨૫ નું મણ તો ૧ શેરનું શું?

૩૨) રૂ. ૩૭॥ નું મણ તો ૨ શેરનું શું?
૩૩) રૂ. ૪॥ આનાનું ૨॥ શેર તો મણનું શું?
૩૪) રૂ. ૫૦॥ નું ૨॥ શેર તો ૨ મણનું શું?
૩૫) ૩॥ આનાનું ૨॥ શેર તો મણનું શું?
૩૬) રૂ. ૦)≋॥ નું ૨॥ શેર તો ૩ મણનું શું?
૩૭) રૂ. ૦॥= નું મણ તો ૫ શેરનું શું?
૩૮) રૂ. ૦)=॥ નું ૫ શેર તો મણનું શું?
૩૯) રૂ. ૧) નું ૭ શેર તો એક આનાનું કેટલું?
૪૦) રૂ. ૧) નું ૪॥ શેર તો રૂ. ૦)- નું કેટલું?
૪૧) રૂ. ૧) નું ૩ મણ તો એક આનાનું કેટલું?

# પ્રકરણ ૫.

## આંક અને ધાતના વ્યાવહારિક પરચુરણ હિસાબ

સૂચનાઃ–હિસાબ વ્યાવહારમાં લાગુ પાડી પૂછવા.

### મનોયત્ન ૭.

૧) ૫ શેરના રૂ. ૦॥≋ તો મણનું શું?
૨) દસશેરાના ૯ આના તો ૨ મણનું શું?
૩) ૪ આનાનું ૮ શેર તો ૦॥ આનાનું કેટલું?
૪) ૧૨ શેરના ૬ આના તો ૦॥॥ આનાનું કેટલું?
૫) રૂ. ૦॥ નું મણ તો ૧ આનાનું કેટલું?
૬) રૂ. ૦॥= નું મણ તો રૂ. ૦)=॥ નું કેટલું?
૭) રૂ. ૧) નું ૧॥ શેર તો ૨॥ મણ ૮॥॥ શેરનું શું?

૮) રૂ. ૨॥ એ મણ તો ૨૭॥ રૂપીઆમાં કેટલા મણ આવે ?
૯) રૂ. ૮)નું મણ તો ૨૧૬ રૂપીઆનું કેટલા મણ ?
૧૦) રૂ. ૨૧ નું ૧॥ મણ ૨॥ શેર તો રૂ. ૧)નું કેટલું ?
૧૧) ૬૩ શેરના ૪૨ પૈસા તો ૧॥ શેરનું શું ?
૧૨) ૫ પૈસાનું ૩૫ શેર તો ૬ પૈસાનું કેટલું ?
૧૩) ૩૦ શેરના ૨૪ પૈસા તો ૬॥ શેરનું શું ?
૧૪) મણના ૨॥ રૂપીઆ તો ૭। રૂપીઆનું કેટલા મણ ?
૧૫) રૂ. ૨૫ નું ૧॥ મણ તો ૭॥ મણનું શું ?
૧૬) ૩ મણના ૩। રૂપીઆ તો ૧૨ રૂપીઆનું કેટલું ?
૧૭) ૨૭ મણના ૧૬૨ રૂપીઆ તો ૧૨ રૂપીઆનું કેટલું ?
૧૮) ૦॥ મણ ૭ શેરનો ૧ રૂપીઓ તો ૧। રૂપીઆનું કેટલું ?
૧૯) ૭ મણ તેલના ૧૦૫ રૂપીઆ તો ૩ મણ તેલનું શું ?
૨૦) રૂ ૨૪) નું ૩૦ મણ તો ૧૮ રૂપીઆનું કેટલું ?
૨૧) રૂ. ૧। નું ૧॥ મણ તો ૯૩॥ રૂપીઆનું કેટલું ?
૨૨) ૧૨ શેરના ૩૦ આના તો ૭॥ આનનું કેટલું ?
૨૩) ૪૫ તસુના ૧૫ આના તો રૂ ૧)=॥ નું કેટલું ?
૨૪) ૮ આનાનું શેર તો ૧૦ રૂપીઆનું કેટલું ?
૨૫) એક પૈસાનું ૨॥ શેર તો રૂ. ૧) નું કેટલું ?
૨૬) રૂ ૦॥ નું શેર તો ૧। મણનું શું ?
૨૭) રૂ. ૨॥ નું મણ તો ૩૦ મણનું શું ?
૨૮) ૫ શેરનો ૧॥ રૂપીઓ તો ૧॥ મણનું શું ?
૨૯) રૂ ૧॥ નું મણ તો ૬૯ રૂપીઆનું કેટલું ?
૩૦) રૂ. ૧) નું ૦॥ શેર તો ૫૧ રૂપીઆનું કેટલું ?

૩૧) રૂ ાનું શેર તો ૬। રૂપીઆનું કેટલું ?

૩૨) રૂ. ૦)=॥ અધોળ તો શેરનું ?

૩૩) રૂ. ૧)નું ૧॥ મણ તો ૪૮ મણનું શું ?

૩૪) રૂ. ૧ની ૨૪ પેનશીલ તો ૧। રૂપીઆની કેટલી ?

૩૫) રૂ. ૧ાની ૨। શેર અરડી મળે તો રૂ. ૬ની કેટલી આવે ?

૩૬) મણ ચકુમાંથી ૮ વખત સરખા હગલા આપ્યા ત્યારે દરેક વખતે કેટલા આપ્યા હશે ?

૩૭) ૫૦ માણસો વચ્ચે ૨। મણ દૂધ વપરાયું ત્યારે ૭ માણસે કેટલું દૂધ પીધું હશે ?

૩૮) એક શેરની ૩ કેરી ચઢે ત્યારે ૧। મણની કેટલી ચઢશે ?

૩૯) રૂ. ૧ની ૨૩ શેર જુવાર મળે તો ા॥ મણ ૮॥ શેરનું શું ?

૪૦) ૬ કેરીનો રૂ. ૧) બેસે તો ૨॥ રૂપીઆમાં કેટલી આવે ?

૪૧) રૂ. ૬)ની મણ કેરી મળે તો રૂ. ૧૭૬)ની કેટલા મણ આવશે ?

૪૨) રૂ. ૧) નું ા॥ શેર ઘી મળે તો રૂ. ૩૦૦)નું કેટલું આવે ?

૪૩) ૧। શેરના ૭॥ રૂપીઆ તો ૧ શેરનું શું ?

૪૪) ૧॥ શેરના ૭૫ પનામાં ચઢે તો ૨॥ શેરનાં કેટલાં ચઢશે ?

૪૫) મણ કારેલાના ૨॥ રૂપીઆ તો ા॥ મણનું શું ?

૪૬) રૂ. ૬)નું ૧॥ મણ તો મણનું શું ?

૪૭) ૨॥ મણના ૧૨॥ રૂપીઆ તો ૭ મણનું શું ?

૪૮) ૪ પાઇની ૩ પેન તો ૪ આનાની કેટલી ?

૪૯) ૩ આનાનું એક શેર તો તે ા॥ રૂપીઆનું કેટલું ?

૫૦) રૂ. ૧૬ાનું ૧॥ મણ તો ૧૩॥ રૂપીઆનું કેટલું ?

૫૧) ૨॥ મણના ૧૨॥ રૂપીઆ તો ૭॥ રૂપીઆનું કેટલું ?

૫૨) ૪ શેરનો ૧। રૂપીઓ તો મણનું શું ?
૫૩) રૂ. ૯ નું ૧૩॥ મણ તો ૭ રૂપીઆનું કેટલું ?
૫૪) રૂ. ૧૬। નું ૧૩ મણ તો ૩૭॥ રૂપીઆનું કેટલું ?
૫૫) ૨૧ શેર ચાના રૂ ૨૬। બેસે તો રૂ.૩॥માં કેટલી આવશે ?
૫૬) ૩ મણ તેલના રૂ. ૪૫) બેસે તો ૧૦ શેરનું શુ ?
૫૭) રૂ. ૨॥ થી રૂ. ૭૨॥ રૂપીઆ કેટલા ગણા છે ?
૫૮) રૂ. ૧॥ની એક એવી ૭૩॥ રૂપીઆમાં કેટલી ટોપી આવે ?
૫૯) રૂ. ૭૩॥ માં રૂ. ૧॥ કેટલી વાર છે ?
૬૦) ૧॥ રૂપીઓ રૂ. ૭૩॥માં કેટલી વાર છે ?
૬૧) રૂ ૪)નું શેર ૫ રૂપીઆભારનું શું ? નવટાંકનું શું ?
૬૨) રૂ. ૫)નું શેર તો ૩ પાશેરનું શું ?
૬૩) રૂ. ૮)નું શેર તો રૂ. ૬)નું કેટલું ?
૬૪) રૂ. ૯)નું શેર તો રૂ. ૨।નું કેટલું ?
૬૫) રૂ. ૪॥નું શેર તો રૂ. ૨।નું કેટલું ?
૬૬) રૂ. ૨॥નું શેર તો રૂ. ૪૦) કેટલું ?
૬૭) રૂ. ૦।નું શેર તો ૧૦ આનાનું કેટલું ?
૬૮) રૂ. ૧॥નું શેર તો રૂ. ૪૯॥નું કેટલું ?
૬૯) રૂ. ૧।નુ શેર તો રૂ. ૪૮॥નું કેટલું ?
૭૦) રૂ. ૦॥નું શેર તો રૂ. ૯॥નું કેટલું ?
૭૧) રૂ. ૨॥નું શેર તો રૂ. ૫૨॥નું કેટલું ?
૭૨) રૂ. ૦)≈॥નું રૂપીઆભાર તો શેરનું શું ?
૭૩) રૂ. ૦)≈નું ૫ શેર તો મણનું શું ?
૭૪) રૂ. ૧।નું ૧૦ શેર તો ૧॥ મણનું શું ?
૭૫) રૂ. ૩)નું ૦॥ મણ તો ૨॥ શેરનું શું ?

૭૬) રૂ. ૦ાનું ૧ા શેર તો ૧ાા મણનું શું?
૭૭) રૂ. ૨ાનું શેર તો મણનું શું?
૭૮) રૂ. ૨ાાનું શેર તો અધોળનું શું
૭૯) રૂ ૯)નું શેર તો પાશેરનું શું?
૮૦) રૂ. ૨ાનું શેર તો દસ રૂપીઆભારનું શું?
૮૧) રૂ. ૮)નું શેર તો ૧૮ પૈસાભારનું શું?
૮૨) રૂ. ૪ાાનું શેર તો ૮ અધોળનું શું?
૮૩) રૂ. ૭ાનું શેર તો ૪ નવટાંકનું શું?
૮૪) રૂ. ૧૭ાાનું શેર તો ૪ નવટાંકનું શું?
૮૫) રૂ. ૨૧)નું એક શેર તો ૩૦ રૂપીઆભારનું શું?
૮૬) રૂ. ૨'નું શેર તો ૦ાા શેરનું શું?
૮૭) રૂ. પાાનું શેર તો ૧૨ અધોળનું શું?
૮૮) રૂ. ૨ાાનું શેર તો ૧ાા અચ્છેરનું કેટલું?
૮૯) રૂ. ૩ાાનું શેર તો ૬ નવટાંકનું શું?
૯૦) રૂ. ૨૨ાાનું ૨ાા શેર તો ૯ રૂપીઆનું કેટલું?
૯૧) રૂ. ૦ાનું ૧૦ રૂપીઆભાર તો ૨ાા શેરનું શું?
૯૨) રૂ ૦ાાનું પાંચ રૂપીઆભાર તો ૨ાા શેરનું શું?
૯૩) રૂ. ૦ાાાનું ૨ાા રૂપીઆભાર તો શેરનું શું?
૯૪) રૂ. ૦)≂નું પાંચ રૂપીઆભાર તો ૨ શેરનું શું?
૯૫) રૂ. ૧૫)નું ૭ાા રૂપીઆભાર તો ૧ શેરનું શું?
૯૬) રૂ. ૧૧)નું મણ તો ૪ અઢીશેરનું શું?
૯૭) ૩ આનાનું ૨ાા શેર તો મણનું શું?
૯૮) રૂ. ૦)≂નું શેર તો મણનું શું?
૯૯) રૂ. ૦)≂ાનું શેર તો મણનું શું?

૧૦૦) રૂ. ૦।~નું ૨॥ શેર તો મણનું શું?
૧૦૧) ૨॥ શેરના ૩ આના તો મણનું શું?
૧૦૨) પાશેરનો ૧। આનો તો શેરનું શું?
૧૦૩) નવટાંકનો ૧। આનો તો શેરનું શું?
૧૦૪) ૨। આનાનું નવટાંક તો ૧ અચ્છેરનું શું?
૧૦૫) રૂ. ૨।નું શેર તો રૂપીઆનું કેટલું?
૧૦૬) ૧। મણના રૂ. ૧૦) તો અઢીશેરનું શું?
૧૦૭) રૂ. ૫)નું મણ તો રૂ. ૧)નું કેટલું?
૧૦૮) રૂ. ૨૦)નું મણ તો રૂ. ૨॥નું કેટલું?
૧૦૯) રૂ. ૦॥≡નું શેર ૧। શેરનું શું?
૧૧૦) રૂ. ૦॥=નું ૫ રૂપીઆભાર તો શેરનું શું?
૧૧૧) ૧। આનાની શેર પાપડી મળે તો ૧। મણ ૩ શેરનું શું?
૧૧૨) ૨॥ રૂપીઆભારના ૧ આના તો શેરનું શું?
૧૧૩) ૩ શેરના રૂ ૯) તો ૦॥ મણનું શું?
૧૧૪) રૂ. ૦)=નું ૧। શેર તો મણનું શું?
૧૧૫) ૨॥ શેરનો રૂ ૧) તો ૧॥ મણનું શું?
૧૧૬) રૂ. ૦।=નું શેર તો મણનું શું?
૧૧૭) ૪ શેરના ૬ રૂપીઆ તો ૩૯ શેરનું શું?
૧૧૮) ૨૭ પાઇનું શેર દૂધ મળે તો રૂ. ૧॥=નું કેટલું?
૧૧૯) ૫ અધોળના ૭॥ આના તો શેરનું શું?
૧૨૦) રૂ ૧॥ એ મણ મીઠું મળે તો ૩ આનાનું કેટલું આવે?
૧૨૧) રૂ. ૧૨॥નું મણ તો ૧। રૂપીઆમાં કેટલું આવશે?
૧૨૨) એક આનાનું શેર ૦)૦॥। ઘી મળે તો રૂ. ૧)નું કેટલું?
૧૨૩) રૂ. ૦)~નું અધોળ ઘી મળે તો શેરનું શું?

૧૨૪) ૨ા શેરના ૩ આના  તો  શેર ૦ાન્નું શું ?
૧૨૫) ૦ા શેર દૂધનો એક આનો  તો રૂ. ૧ા નું કેટલું ?
૧૨૬) એક આનાનું ૨ા  શેર  તો ૨ા મણનું શું ?
૧૨૭) ૧૬ રૂપીઆનું ૧ મણ  તો ૨ા શેરનું શું ?
૧૨૮) રૂ. ૦ાન્નું ૨ા શેર  તો રૂ. ૧૫ નું કેટલું ?
૧૨૯) ૨૦ ધાના ૫ રૂપીઆ  તો ૩ ધાનુ શું ?
૧૩૦) ૧ રૂપીઆનું ૦ા શેર  તો ૧ા મણનું શું ?
૧૩૧) ૫ આનાનું ૨ા  શેર  તો મણનું શું ?
૧૨૩) ૫૬ દોઢ પાઇ વટાવીએ  તો કેટલી પાઇ આવે ?
૧૩૩) ૩૭ા મણના કોઠારમાંથી ૧ા મણના કેટલા ટોપલા ભરાય ?
૧૩૪) મારી પાસે ૩૧ા મણ અનાજ છે. કોઠારમાં ૪૦ મણ માય છે તો કોઠાર ભરવાને કેટલું અનાજ લાવવું ?
૧૩૫) રૂ. ૦ા કેટલીવાર લઉં તો ૭૨ રૂપીઆ થાય ?
૧૩૬) રૂ ૭૨માં ૦ા રૂપીઓ કેટલીવાર છે ?
૧૩૭) રૂ. ૦ા વાળી ૭૨ રૂપીઆમાંથી કેટલી ટોપીઓ આવે ?
૧૩૮) રૂ. ૫૫ માંથી ૦ા રૂપીઆની એક એવી કેટલી ચોપડીઓ આવશે ને શું વધશે ?
૧૩૯) મને પહેલે દિવસે રૂ. ૩ા, બીજે દિવસે રૂ. ૧ા, ત્રીજે દિવસે રૂ. ૨ા અને ચોથે દિવસે રૂ. ૧ાન્ન ખરચ થયો ત્યારે કુલ કેટલો ખર્ચ થયો ?
૧૪૦) ૩ા મણ જુવાર, ૨ા મણ ઘઉં અને ૬ા મણ બાજરી લાવ્યો ત્યારે કેટલા મણ અનાજ લાવ્યો ? જો દર મણની સરેરાસ કિંમત ૪ રૂપીઆ હોય તો કેટલા રૂપીઆ આપવા પડે ?

૧૪૧) ૪ાા મણ પાંચ શેર ઘઉંમાંથી ૧ા મણ દળવા આપ્યા ત્યારે બાકી કેટલા રહ્યા ?

૧૪૨) ૩૭ાા શેર ચોખામાં બીજા કેટલા નાખું તો ૧ા મણ થાય ?

૧૪૩) ૧૫ માઇલ ચાલતાં ૭ાા કલાક લાગે તો ૭૨ માઇલ ચાલતાં કેટલો વખત લાગશે ?

૧૪૪) રૂ. ૧નું દોઢ વાર કપડું મળે તો રૂ. ૭૦૦નું કેટલું આવશે ?

૧૪૫) ૬૧ પાઘડીના રૂ. ૧૭૭ાા બેસે તો ૧૯ પાઘડીનું શું બેસે ?

૧૪૬) રૂ. ૨)=નું ૦ા મણ ૭ાા શેર તો રૂ. ૦ા≡નું કેટલું ?

૧૪૭) રૂ. ૧ાાા~ની ૮૭ નારંગી મળે તો ૭ આનાની કેટલી ?

૧૪૮) ૧ાા રૂપીઆનું ૨૪ તસુ તો ૫ તસુનું શું ?

૧૪૯) ૧ રૂપીઆની ૨૪ નારંગી તો ૯ નારંગીનું શું ?

૧૫૦) ૧ લીટીમાં ૯ શબ્દ માય છે તો ૨૩૪ શબ્દની કેટલી લીટી થશે ?

૧૫૧) ૩૬ તસુના ૪ાા રૂપીઆ તો ૩ તસુનું શું ?

૧૫૨) કેટલા રૂપીઆમાંથી રૂ. ૦ાાા વાળી ૬૯ ટોપી આવે ?

૧૫૩) દરેક બ્રાહ્મણને રૂ. ૧ાા આપતાં રૂ. ૪૯ાા ખરચ થયો ત્યારે કેટલા બ્રાહ્મણો હશે ?

૧૫૪) એક નિશાળમાં ૧૩૫ પેંડા વહેંચ્યા, શેરના પાંચ પેંડા થાય છે, ત્યારે પેંડા કેટલા શેર હશે ?

૧૫૫) કયા કયા પલાખાનો જવાબ, ૩૫, ૭૨, ૧૦૮, ને ૧૪૫ આવે ?

૧૫૬) દરેક ભિખારીને એકેક પાઈ આપતાં રૂ. ૧)ની પાઇ વપરાઇ ત્યારે ભિખારી કેટલા હશે ?

૧૫૭) ૧ાા મણ ૯ શેર બરફી છે, દરેક સાધુને જો ૧ાા શેર આપું તો કેટલા સાધુને આપી શકાય ?

૮) રૂ. ૧।। છે બીજા ધોરણના "મુખગણિત શિક્ષક"ના બે આના બેસે છે, તો કેટલા "મુખગણિત શિક્ષક" આવશે?

૯) રૂ. ૩૭। માં ૧૫ છત્રી લીધી તો એ લેખે ૧૭ છત્રીનું શું?

૦) ૨૪ ચોપડીના રૂ. ૩।। બેસે તો ૧૬ ચોપડીનું શું બેસે?

૧) ૧૭ મણ બટાટાના રૂ. ૪૨।। તો રૂ. ૧૫ માં કેટલા મણ આવે?

૨) ૭૫ માણુસ વચ્ચે રૂ. ૧૧૨।। વહેંચ્યા તો ૧૫ માણુસના મળીને કેટલા રૂપીઆ થશે?

૩) ૪૭ ખુરસીના રૂ. ૧૧૭। બેઠા તો ૬૯ ખુરસીનું શું બેસે?

૪) દોઢ રૂપીઆવાળી ૩૦ ચોપડી લઇને રૂ. ૨।। વાળી કેટલી ચોપડી આપવી?

૫) રૂ. ૮।। માં ૧૭ ખડીઆ મળે છે તો રૂ. ૩૫માં કેટલા આવશે?

૬) ૬ મહીનામાં રૂ. ૧૫૬ બચાવું છું તો રૂ ૨૩૪ બચાવવાને કેટલો વખત લાગશે.

૭) ૬ મણ લોટના રૂ. ૩૦ તો ૩૬ મણનુ શું?

.૮) ૧૫ કેરીના રૂ. ૩।। તો રૂ. ૫) માં કેટલી કેરી આવશે?

.૯) ૧૭ મણ દૂધના રૂ. ૧૦૨ તો .૫૧ મણનું શું?

૦) ૧૩ ઘોડાના રૂ. ૧૦૪૦ બેઠા તો ૫૨ ઘોડાનું શું બેસશે?

૧) રૂ. ૩૭ માંથી રૂ. ૨।। વાળી કેટલી છત્રી આવે ને શું વધે?

૨) રૂ. ૨।। વાળી ૩૫ ટોપી લેતાં રૂ. ૦।। વધ્યો ત્યારે કેટલા રૂપીઆ હોવા જોઇએ?

૧૩) કઇ સંખ્યાને ૧।। થી ગુણીએ તો ૧૪૪ આવે?

૧૪) જો રૂ. ૨૮ વધારે હોત, તો ૭ રૂપીઆવાળી ૧૩ ખુરસી લેતાં ૩ રૂપીઆ વધત, ત્યારે રૂપીઆ કેટલા હોવા જોઇએ?

૧૭૫) હું બજારમાં કેટલાક પૈસા લઇ ગયો; ૯ પૈસાની રેવડી, ૭ ૨ પૈસાના બોર લીધાં, પણ મારા મામા મળ્યા; તેમણે મને એક આનો આપ્યો ત્યારે મારી [illegible] ૫ પૈસા થયા તો ઘેરથી હું કેટલા પૈસા લઇ નીકળેલો ?

૧૭૬) રૂ. ૮) ની મણ સોપારી મળે ા રૂ. ૨। ની કેટલી આવે ?

૧૭૭) ૫ શેરના રૂ. ૩ા તો [illegible] મણનું શું ?

૧૭૮) રૂ. ૧ ના બે મણ [illegible] મળે તો ૫ શેરનું શું ?

૧૭૯) રૂ. ૨ાા નું મણ ાા ૭ શેરનું શું ?

૧૮૦) દોઢ આનાનું ૨। શેર તો રૂ. ૧ાા નું કેટલું આવે ?

૧૮૧] રૂ. ૧) નું ૦ાા શેર ઘી આવે તો ૦ાા મણ ૭। શેરનું શું ?

૧૮૨) રૂ. ૭૫) નું ૫૬। શેર તો ૭ રૂપીઆનું કેટલું ?

૧૮૩) ૧ મણ ૩ાા શેરના રૂ. ૨)≡ તો ૭ાા શેરનું શું ?

૧૮૪) ૭ા શેરના રૂ. ૦≈ તો મણનું શું ?

૧૮૫) રૂ. ૦–। નું ૦ાા મણ ૧ શેર તો ૫ શેરનું શું ?

૧૮૬) ૦ાા મણ ૭ શેરના રૂ. ૨ા૦ાા તો રૂ. ૦≈ નું કેટલું ?

૧૮૭) રૂ. ૧)–ાા નું ૦ાા મણ ૫ શેર તો ૧૪ શેરનું શું ?

૧૮૮) રૂ. ૨ાા નું મણ તો ૩ાા શેરનું શું ?

૧૮૯) ૨॥ શેરના રૂ. ૦ાા–ાાા તો મણનું શું ?

૧૯૦) અધોળ એલચીના રૂ. ૦)≡ાા તો શેરનું શું ?

૧૯૧) રૂ. ૦≈ ની ૨ાા શેર ખાંડ મળે તો મણનો ભાવ શું હશે ?

૧૯૨) રૂ. ૦)–ાા નું ૧ા શેર તો ૧ા મણનું શું ?

૧૯૩) રૂ. ૦ાા≡ નું ૩ શેર તો ૧ા મણનું શું ?

૧૯૪) ૭ શેરના રૂ. ૧)–ા તો ૧૭ શેરનું શું ?

૧૯૫) રૂ. ૨ા–ાાનું ૦ા મણ ૭ શેર તો ૭ શેરનું શું ?

સુરત જિલ્લાનો નકશો પાંચ આના.

અદ્યાપિ બહાર ન પડેલી એવી

# પ્રશ્નોત્તરમાળા

સુરત જિલ્લાનો નકશો પાંચ આનો.

ગુજરાતની સા૦ ભૂગોળની ત્રણ આના.
મુંબઈ ઇલાકાની ભૂગોળની સાડા ચાર આના
હિંદુસ્તાનની સા૦ ભૂગોળની ચાર આના.

ડિકટેશન શીખવા શીખવવાનું અપૂર્વ સાધન જેમાં:-

૧] પાઠવાર અઘરા શબ્દો.
૨] જોડણીના એકજ સરખા નિયમવાળા શબ્દો.
૩] કઠિન મળતા શબ્દોની તારવણી.
૪] જોડાક્ષર. ૫] મળતા જોડાક્ષર.
૬] પરીક્ષાના ડિકટેશનમાં આવનાર શબ્દો.

| | | | | |
|---|---|---|---|---|
| બાળપોથીનો | ૦-૨-૦ | ત્રીજીનો | ૦-૩-૦ | ડિકટેશન શિક્ષક |
| પહેલીનો | ૦-૨-૬ | ચોથીનો | ૦-૪-૦ | |
| બીજીનો | ૦-૩-૦ | પાંચમીનો | ૦-૪-૦ | |

## "સુખગણિત શિક્ષક"

| | | | |
|---|---|---|---|
| બાળવર્ગનો | ૦-૧-૬ | ત્રીજા ધો૦નો | ૦-૨-૬ |
| પહેલા ધો૦નો | ૦-૧-૯ | ચોથા ધો૦નો | ૦-૪-૦ |
| બીજા ધો૦નો | ૦-૨-૦ | પાંચમા ધો૦નો | ૦-૪-૦ |

સુરત જિલ્લાનો ભૂગોળ શિક્ષક ત્રણ આના.

છગનલાલ મોતીરામ શાહ. શાહપોર—સુરત.